# બહેનનો પત્ર

## વસંતઋતુમાં કયાં-કયાં પક્ષીઓ બોલ્યાં કરે છે ?

- વસંતઋતુમાં કોયલ, કંસારો, કલકલિયો, ચાસ, શોબીગી વગેરે પક્ષીઓ બોલ્યાં કરે છે.

## રવિન્દ્રનાથ ટાગોર માતૃભાષાનો મહિમા જણાવતાં શું કહે છે ?

- રવિન્દ્રનાથ ટાગોર માતૃભાષાનો મહિમા વિશે કહે છે કે, માતૃભાષા તો માતાનું ધાવણ છે અને બાળકને માનું દૂધ જ વધારે વિકસાવે છે - મજબૂત બનાવે છે.

## પાઠમાં બીજી ભાષાના કયા કયા શબ્દોનો ઉલ્લેખ થયો છે ?

- આ પાઠમાં બીજી ભાષાના આ શબ્દોનો ઉલ્લેખ છે : ટેબલ, ટિકિટઑફિસ, સ્ટેશન, બસ, ટ્રક, સાયન્સ.

## બહેન ભાઇને અભિનંદન કેમ આપે છે ?

- બહેન ભાઇને અભિનંદન આપે છે; કારણ કે ભાઇએ ગુજરાતી માધ્યમમાં જ ભણવાનું નક્કી કરીને અગિયારમા ધોરણમાં સાયંસ પ્રવાઅહમાં પ્રવેશ લીધો છે.

## જયદેવકાકા માતૃભાષા વિશે શું કહે છે ?

- જયદેવકાકા માતૃભાષા વિશે કહેતા જણાવે છે કે - આપણને વિચારો માતૃભાષામાં જ આવે છે., આપણને સપનામાં પણ માતૃભાષા જ આવે છે., માતૃભાષા હૈયે હોય છે એટલે તરત જ હોઠે આવે છે., માતૃભાષા હાથ કરતાં પણ વધુ હાથવગી છે.

## હોળી-ધૂળેટીના દિવસોથી વાતાવરણમાં શો બદલાવ આવે છે ?

- હોઁઈ-ધૂળેટીના દિવસોથી વાતાવરણમાં અનેક બદલાવ આવે છે. વસંતઋતુનો પાલવ પ્રકૃતિ પર અને વસ્તીમાં ફરફરવા લાગે છે. વિદ્યાર્થીઓ પરીક્ષાઓની તૈયારી કરવા લાગે છે. સીમખેતરમાં શિયાળું પાક ઘઉં-ચણાની કાપણી કરતાં લોકો દેખાય છે. લગનગાળો આવવાનો હોઈ એની આગોતરી વધામણીઓ અને ખરીદીઓમાં લોકો વ્યસ્ત થઈ જાય છે.

## લેખકને વસંતઋતુ કેમ ગમે છે ?

- વસંતઋતુમાં કોયલ બોલે છે ને આંબે કેરીઓ ઝૂલે છે. આ ઋતુમાં કંસારો, કલકલિયો, ચાસ અને શોબીગી તરસ્યું-તરસ્યું બોલતાં હોય છે. હવામાં સેલ્લારા લઈને ઊડતાં બુલબુલ, પતરંગો, દરજીડો અને સક્કરખોરને પણ જોવાની મજા આવે છે. આથી લેખકને વસંતઋતુ ગમે છે.

## લેખકે ક=વૃક્ષોને ધરતીની શોભા કેમ કહ્યાં છે ?

- લેખકે વૃક્ષોને ધરતીની શોભા કહ્યાં છે કેમ કે વૃક્ષો છે તો રોજનું જીવન ભર્યુંભર્યું લાગે છે.

## માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી શો ફાયદો થાય છે ?

- માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી આપણી કલ્પનાશક્તિ અને તર્કશક્તિ વધુ ખીલે છે.

## બારીએ વાંચવા બેસે ત્યારે બહેન શું અનુભવે છે ?

- બહેન બારીએ વાંચવા બેસે ત્યારે સોનચંપાનાં ફૂલો જાણે એને તાકી રહે છે. ટગરી પણ એની સામે ગટરગટર જુએ છે ને હજારીગલ એને બોલાવે છે.

## લેખક રજાઓમાં શું-શું કરવાની વાત કરે છે ?

- બહેન ત્યાંથી ભઈ બંનેએ વડોદરા મ્યુઝિયમની મુલાકાતે તથા ચાંપાનેર પ્રવાસે જવું છે. ત્યાંથી તેમને તેજગઢ આદિવાસી યુનિવર્સિટી જવું છે અને લોકજીવનના બધા જ રંગો જોવા-સાંભળવા છે. મજા કરવી છે અને સાથે મળીને થોડીક વાર્તાઓ વાંચવી છે. વિજ્ઞાનકથાઓ પણ ઉકેલવી છે, રાત્રે તારાઓ ઓળખવા છે-ને સીમવગડામાં જઈ ઝાડવાં અને પંખીઓ પણ ઓળખાય છે. રજાઓમાં અરવભાઈ આવે તો બહેન આ બધું કરવાની વાત કરે છે.

## માતા, માતૃભાષા અને માતૃભૂમિનો મહિમાઅ દર્શાવતાં સુવિચાર કહેવત અને પંક્તિઓ શોધીને લખો.

- જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

- મા કેતાં મોઢું ભરાય.

- હું કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય મારી માતાની ગોદમાંથી જ શીખ્યો છું.

- માની ગરજ કોઈથી ન સરે.

- પુત્ર કપુત્ર થાય છે, પણ માતા કદી કુમાતા થતી નથી.

- માતે મા ને બીજા વગડાના વા.

## ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ વિશે જાણકારી મેળવીને લખો.

- ગુજરાતી માધ્યમમાં દરેક વિષય ગુજરાતી ભાષામાં શીખવવામાં આવે છે. એથી વિદ્યાર્થી વિચારો અને લાગણીઓને સારી રીતે સમજી શકે છે. પરીક્ષાના ઉત્તર આપવાનું પણ તેને માટે સરળ બને છે. અંગ્રેજી માધ્યમમાં દરેક વિષય અંગ્રેજી ભાષામાં શીખવવામાં આવે છે. આથી ગુજરાતીભાષી વિદ્યાર્થીને અંગ્રેજી સમજવામાં અનેક મુશ્કેલીઓ નડે છે. એને વારંવાર ડિક્ષનરીનો ઉપયોગ કરવો પડે છે. દરેક વિષય વિશે એના મનમાં આવતા વિચારો કે લાગણીઓને અંગ્રેજી ભાષામાં વ્યક્ત કરવાનું તેને માટે મુશ્કેલ બને છે. કોઈ પણ વિદ્યાર્થી અંગ્રેજી ભાષામાં ગુજરાતી ભાષાની જેમ કડકડાટ બોલે શકતો નથી.

## વસંતનો વૈભવ

- વસંતઋતુ આવતાં જ એનો પાલવ પ્રકૃતિ પર અને વસ્તીમાં ફરફરવા લાગે છે. સીમખેતરમાં શીયાળુ પાક ઘઉં-ચણાની કાપણી કરતાં લોકો દેખાય છે. વસંતઋતુમાં કોયલ દાળ પર બેસી મીઠા ટહુકા કરે છે અને આંબે-આંબે કેરીઓ ઝૂલે છે. કંસારો, કલકલિયો, ચાસ અને શોબીગી પણ તરસ્યું-તરસ્યું બોલ્યાં કરે છે. હવામાં સેલ્લારા લઈને ઊડતાં બુલબુલ પાંદડાં પવનમાં કેવું મર્મર બોલે છે. ફૂલો એ વૃક્ષોની કવિતા છે. કેસૂડાંનો કેસરી રંગ સીમવગડામાં મોટેથી બોલતો સંભળાય છે. શીમળો રાતાગલ ફૂલોથી એવો ભ્મરાય છે કે એમાં જઈને કાગડો બેસે તો એ પણ રાતોચોળ થઈ જાય. ઘરના માંડવે મધુમાલતી અને કુંડાંમાં મોગરા મહોરે છે. એની સુગંધોની લહેર છાતીને અને મગજનેય તરબતર કરી દે છે.

## માતૃભાષાનો મહિમા

- માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી કલ્પનાશક્તિ અને તર્કશક્તિ વધુ ખીલે છે. એમાં આપણી સભ્યતા અને સંસ્કૃતિ સમાયેલી છે. એમાં આપણા જીવનની પરંપરાઓ- રૂઢિઓ બધું શબ્દે-શબ્દે સંઘરેલું છે. આપણને આપણા જીવનની માની ભાષા તે માતૃભાષા અને આ અનાજ પકવી પોષનારી ને વૃક્ષો વનરાજીને ખીલવનારી ધરતીમાતા-માટી. આ ત્રણેનું સ્થાન બીજું કોઈ જ ન લઈ શકે. આપણે માતૃભાષામા આપણા વિચારો સારી રીતે રજૂ કરી શકીએ છીએ. માતૃભાષા હૈયે હોવાથી એ તરત હોઠે ચડે છે. પ્રેમ કરવો, થોડો કજિયો કરીને રિસાવું-રડવું, કિટ્ટા કરવી કે વહાલ કરવું વગેરે માતૃભાષામાં સહેલાઇથી અને વતથી પ્રગટ કરી શકાય છે. વળી, માતૃભાષાના તળપદા શબ્દોની મીઠાશ અનેરી છે. માતૃભાષામાં લાગણી કે ભાવને અસરકારક રીતે વ્યક્ત કરી શકાય છે.